**મહેરબાન સાંતલપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., સાહેબની કોર્ટમાં, મું.વારાહી.**

ક્રિમીનલ કેસ નં.૧૦૦૫/૨૦૨૨.

આંક : ૦૬.

ફરીયાદી :– સ ર કા ર

વિરુધ્ધ

આરોપી :– ચમનભાઈ મોહનભાઈ સોલંકી,ઉ.વ.૨૨,
રહે.રોઝુ, તા.સાંતલપુર, જી.પાટણ.

**ગુનો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબ.**

**–: ચુકાદો :–**

(૧). આજરોજ સ્પેશીયલ સીટીંગના પાવર્સ આ અદાલતને આપવામાં આવેલ છે. સદર કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં જાહેરમાં લથડીયા ખાતો અને લવારા, બકવાસ કરતો મળી આવી આરોપીએ ઉપરોકત કલમો મુજબનો ગુનો આચરેલ હોય, તે અંગે આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં તપાસનીશ અમલદારે ઉપરોકત ગુના સબબ ચાર્જશીટ ફાઈલ કરેલ છે. આરોપીને સમન્સ બજતા તેઓ હાજર થતા સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે.

(૨). આરોપીને ગુના બાબતે પુછતા આરોપીએ પોતાની મરજીથી અને સ્વેચ્છાથી ગુનો કબુલ કરવાનુ જણાવે છે. તે બાબતે તેઓએ અલગથી ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધ નો પુરાવો ગણાશે અને તેઓ આ રીતે ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી, તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે તેમ છતાં આરોપી રાજીખુશીથી અને આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનુ જણાઈ આવે છે. વધુમાં, આરોપી સામેનુ ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ હોવાનુ ફલીત થતુ નથી. કેસ ના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબિક જવાબદારી ધ્યાને લેતા સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે દરેક હકીકત ધ્યાને લેતાં આ કામે આરોપીના ગુનાની ગંભીરતા, કાયદામા ફરમાવેલ ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં, તથા સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકતો અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતિ તથા જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંન્દજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ અદાલતનુ માનવુ છે અને આરોપીને કાયદા માં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે, વધુમાં, આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતા આરોપી ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિં કરવાની ખાત્રી આપે છે. જેથી ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં, અને તેમા ઠરાવવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, આરોપીને તકસીરવાન ઠરાવી, ન્યુનતમ સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીએ રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન ૨ લેખે સાદી કેદ ની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- સદર કામે રેકર્ડ જોતા અન્ય કોઈ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી બાકી પડતી ન હોય તેથી, સદર કામ આજરોજ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ મારી સહી કરી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩.
વારાહી.

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,સાંતલપુર,
મુ.વારાહી.